eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 173
December 26, 2008

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

(૧) નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૧૮/૧૨/૨૦૦૮ નાં રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે
(૨) નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૧૯/૧૨/૨૦૦૮ નાં રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા)ની કામગીરી

પૂર્વઝોન (વરાછા)માં નવા સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૧૮ મુજબ બ્લોક નં. ૧૩૫, ફા. પ્લોટ નં. ૮૫ માં આવેલ અંબિકાનગર સોસાયટીમાં ફા. પ્લોટ નં. ૯૯ માં ઈ. ડબલ્યુ.એસ.નાં હેતુ માટેનું રીઝર્વેશન મુકવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૨૧/૧૨/૨૦૦૮ને રવિવારના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા "મીની મેરેથોન દોડ" સ્પર્ધાનું આયોજન



શહેરના નગરજનોનું સ્વાસ્થય તંદુરસ્ત અને સ્ફુર્તિમય બને તેમજ ચાલવા અને દોડવાના વ્યાયામથી પ્રજા જાગૃત બને તે આશયથી સુરત મહાનગરપાલિકા દ્વારા "મીની મેરેથોન દોડ" સ્પર્ધાનું આયોજન તા. ૨૧/૧૨/૨૦૦૮ ને રવિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે "ડો. વિક્રમભાઈ સારાભાઈ માર્ગ" એલ.પી.સવાણી સ્કૂલ સર્કલથી અડાજણ સુધી કરવામાં આવ્યુ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>




## સુરત મહાનગરપાલિકા વિસ્તારમા તા:૨૧/૧૨/૨૦૦૮ થી તા:૨૪/૧૨/૨૦૦૮ દરમ્યાન નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનું આયોજન

ભારત સરકારના આદેશ મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમા તા:૨૧/૧૨/૨૦૦૮ થી તા: ૨૪/૧૨/૨૦૦૮ દરમ્યાન નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને આરોગ્ય કાર્યકરો પ્રથમ દિવસે નકકી કરેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા, ત્રીજા અને ચોથા દિવસે ઘરે–ઘરે ફરી પોલીયોની રસી પીવડાવશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે"

સુરત મહાનગરપાલિકા તા:૨૧/૧૨/૨૦૦૮ થી તા:૨૪/૧૨/૨૦૦૮ દરમ્યાન ૫ વર્ષ સુધીના છ લાખ ત્રીસ હજારથી વધુ બાળકોને પોલીયોની રસી પીવડાવશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યક્રમના પ્રથમ દિવસે ૫ વર્ષ સુધીના ૪,૨૬,૨૮૬ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી



બાળલકવા નાબુદી અભિયાનના આજના પ્રથમ દિવસે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ ૨૩૫૩ રસીકરણ બુથ તથા મોબાઈલ/ટ્રાન્ઝીટ ટીમ મળી કુલ–૨૬૨૫ ટીમો મારફતે પાંચ વર્ષ સુધીની ઉંમરના બાળકોને પોલીયોની રસી પીવડાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

(૧) નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૧૮/૧૨/૨૦૦૮ નાં રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૩૫ (કતારગામ) ફાઈનલ પ્લોટ નં. ૪૯/બી માં આવેલ અયોધ્યા સોસાયટીના સબ પ્લોટ નં. ૮૮ અને ૮૯ માં મંજુર પ્લાન વિરૂધ્ધ આર.સી.સી. સ્લેબ ભરવાના ઈરાદે ૧૯૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરેલ સેન્ટરીંગ દુર કરી માર્જીન વાળા ભાગમાં કરેલ આર.સી.સી. કોલમો તેમજ ચણતરની દિવાલ દુર કરી બિલકુલ ખુલ્લો કરવામાં આવેલ છે.

પ્રિલીમીનરી ટી.પી. સ્કીમ નં. ૧૯ (કતારગામ) ફા. પ્લોટ નં. ૧૯૯, સેલેબલ કોમર્શીયલ હેતુ ધરાવતા સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટમાં ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારના ૧૫ ઝુંપડાઓનું દબાણ અત્રેથી દુર કરી પ્લોટ સદંતર ખુલ્લો કરવામાં આવેલ છે તથા ફાઈનલ પ્લોટ નં. ૨૧૦ પાર્કીંગના હેતુ ધરાવતા સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટમાં આશરે ૧૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કોમર્શીયલ હેતુનો ખાણીપીણીનો ફુડ સ્ટોલ શરૂ કરેલ, જે અત્રેથી દુર કરી માલ–સામાન જપ્ત કરી અત્રેના ગાયત્રી દબાણ ડેપો જમા લેવામાં આવેલ છે.

(૨) નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૧૯/૧૨/૨૦૦૮ નાં રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

પ્રિલીમીનરી ટી.પી. સ્કીમ નં. ૧૯ (કતારગામ) ના રાશીચક્ર સર્કલ જંકશન પાસે ૧૦૦ ફુટ પહોળા મેઈન રોડ પર સુથારી કામના કોમર્શીયલ યુનીટ, અન્ય કોમર્શીયલ યુનીટો વાયર ફેન્સીંગ, પતરાં વિગેરે દબાણ દુર કરી માલસામાન ગાયત્રી દબાણ ડેપો પર જપ્ત કરેલ છે. સદર કામગીરી દરમ્યાન ૫૦ થી ૬૦ વ્યકિતઓના ટોળાઓનો વિરોધ હોવા છતા સફળતાપૂર્વક પાર પાડેલ છે.

સીંગણપોર ચાર રસ્તા પર કોર્નર પરનો રાજદીપ એપાર્ટમેન્ટના ટેરેસ પરના અનઅધિકૃત બાંધકામ તોડી પાડેલ છે. જેના એન્ગલ વિગેરે માલસામાન પણ જમા લીધેલ છે.

TOP

## પૂર્વઝોન (વરાછા)ની કામગીરી

પૂર્વઝોન (વરાછા)માં નવા સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૧૮ મુજબ બ્લોક નં. ૧૩૫, ફા. પ્લોટ નં. ૮૫ માં આવેલ અંબિકાનગર સોસાયટીમાં ફા. પ્લોટ નં. ૯૯ માં ઈ. ડબલ્યુ.એસ.નાં હેતુ માટેનું રીઝર્વેશન મુકવામાં આવેલ છે. સદર સોસાયટીના રીઝર્વેશનવાળા ભાગમાં આવેલ ગાળા નં ૧૧નાં મિલ્કતદાર ધ્વારા મિલ્કતનાં પ્રથમ માળે બાંધકામ શરૂ કરવામાં આવતા પૂર્વઝોન (વરાછા) તરફથી મનાઈહુકમ તથા શોકોઝ નોટિસ પાઠવવામાં આવેલ તેમ છતાં મિલ્કતદાર તરફથી બાંધકા ચાલુ રાખવામાં આવતા પ્રથમ માળે કરવામાં આવેલ ચણતરની દિવાલો તથા પતરાં દૂર કરી આશરે ૧૮ ' × ૩૦' માપ વિસ્તારમાં કરેલ આશરે ૫૪૦ ચો.ફુટ નું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે. તેમજ આજ મિલ્કતની બાજુમાં આવેલ ગાળા નં. ૧૨ના મિલ્કતદાર ધ્વારા ગ્રાઉન્ડ ફલોર પર દુકાન બનાવવાના ઈરાદે પતરાનો રોડ બનાવાનું શરૂ કરતા પતરા દૂર કરી ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ કામગીરી પૂર્વઝોન (વરાછા)નાં શહેર વિભાગ અને દબાણ ખાતાનાં સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ છે.

TOP

## તા.૨૧/૧૨/૨૦૦૮ને રવિવારના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા "મીની મેરેથોન દોડ" સ્પર્ધાનું આયોજન



શહેરના નગરજનોનું સ્વાસ્થય તંદુરસ્ત અને સ્ફુર્તિમય બને તેમજ ચાલવા અને દોડવાના વ્યાયામથી પ્રજા જાગૃત બને તે આશયથી સુરત મહાનગરપાલિકા દ્વારા "મીની મેરેથોન દોડ" સ્પર્ધાનું આયોજન તા. ૨૧/૧૨/૨૦૦૮ ને રવિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે "ડો. વિક્રમભાઈ સારાભાઈ માર્ગ" એલ.પી.સવાણી સ્કૂલ સર્કલથી અડાજણ સુધી કરવામાં આવ્યુ હતું. સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી જયોતિબેન કોઠિયા, ઝોનલ ઓફિસરશ્રી આર.વી. ગામીત, મ્યુ.સભ્યશ્રી કુ.પારૂલબેન ભારતી, શ્રી પ્રવિણભાઈ પટેલ, ગાંધી સ્મૃતિ ભવન અને સાંસ્કૃતિક વિભાગના મેનેજરશ્રી એસ.આર.ખાનએ એલ.પી. સવાણી સ્કૂલ સર્કલથી લીલી ઝંડી ફરકાવી દોડ સ્પર્ધાની શરૂઆત કરાવી હતી. સ્પર્ધામાં સ્ત્રીઓએ ૧૦ કિ.મી. તથા પુરૂષોએ ૧૪ કિ.મી.નું અંતર પૂરૂં કરવાનું હતું. ભાઈઓ તથા બહેનોના અલગ અલગ ૮(આઠ) વય ગૃપમાં સ્ત્રીઓ તથા પુરૂષો મળી કુલ–૨૯૦ જેટલી મોટી સંખ્યામાં ભાગ લઈ, નગરજનો એ પોતાના સ્વાસ્થય પ્રત્યેની જાગરૂકતાનો પરિચય કરાવ્યો હતો. સ્પર્ધાને અંતે નીચે મુજબના દોડવીરો વિજેતા નીવડયા હતા.

| વિજેતા ક્રમ | પુરૂષ વિભાગ | | | |
|---|---|---|---|---|
| | અ<br>૧૮ થી ૩૫ વર્ષ | બ<br>૩૫ થી ૫૦ વર્ષ | ક<br>૫૦ થી ૬૦ વર્ષ | ડ<br>સીનીયરસીટીઝન |
| પ્રથમ | મયંકકુમાર શાંતિલાલ સેલર | યોગેશ ડી.સેલર | દિનેશભાઈ જેરામભાઈ ભગત | નરોત્તમ ગંગારામ પટેલ |
| દ્વિતિય | જતીન બળવંતભાઈ નાવિક | ભૂપેન્દ્ર ચંદ્રકાંત સેલર | પ્રાણલાલ છોટુભાઈ પટેલ | હરિભાઈ મકનભાઈ પટેલ |
| તૃતિય | સંજયકુમાર દલસુખભાઈ સેલર | વિમલભાઈ દિનેશચંદ્ર ઉપાધ્યાય | નંદલાલ આર.પાંડે | બળવંતભાઈ બાલુભાઈ ગજજર |
| વિજેતા ક્રમ | સ્ત્રી વિભાગ | | | |
| | અ<br>૧૮ થી ૩૫ વર્ષ | બ<br>૩૫ થી ૫૦ વર્ષ | ક<br>૫૦ થી ૬૦ વર્ષ | ડ<br>સીનીયરસીટીઝન |
| પ્રથમ | શીલાબેન ગણપતભાઈ મૈસુરિયા | પુનમ જયેશ દલાલ | હર્ષિદા કાંતિલાલ ઈચ્છાપોરિયા | બકુલાબેન રમણલાલ પટેલ |
| દ્વિતિય | શિવાની હરિલાલ ટંડેલ | સ્મૃતિ ડેનિયલ પટેલ | મધુ એન.મિસ્ત્રી | મધુબેન એસ.દારૂવાલા |
| તૃતિય | મીતાલી એન.પ્રેસવાલા | રાજેશ્રીબેન વિજયભાઈ ધુંગરા | નિલમબેન હરિભાઈ સોલંકી | નલિનીબેન છોટુભાઈ કાપડિયા |

આ સ્પર્ધાના ૧ થી ૩ ક્રમના વિજેતાઓને ટ્રોફી તથા પ્રમાણપત્રો સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી જયોતિબેન કોઠિયા, ઝોનલ ઓફિસરશ્રી આર.વી. ગામીત, મ્યુ.સભ્યશ્રી કુ.પારૂલબેન ભારતી, શ્રી પ્રવિણભાઈ પટેલ, ગાંધી સ્મૃતિ ભવન અને સાંસ્કૃતિક વિભાગના મેનેજરશ્રી એસ.આર.ખાનના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને લ્હાણી તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. તથા મેડીકલ ઓફિસર સહિતની મેડીકલ ટીમ, ફાયર ફાયટર સાથે ફાયર ઓફિસર હાજર રહયા હતા.

TOP

# સુરત મહાનગરપાલિકા વિસ્તારમા તાઃ૨૧/૧૨/૨૦૦૮ થી તાઃ૨૪/૧૨/૨૦૦૮ દરમ્યાન નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનું આયોજન




ભારત સરકારના આદેશ મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમા તાઃ૨૧/૧૨/૨૦૦૮ થી તાઃ ૨૪/૧૨/૨૦૦૮ દરમ્યાન નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને આરોગ્ય કાર્યકરો પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા, ત્રીજા અને ચોથા દિવસે ઘરે–ઘરે ફરી પોલીયોની રસી પીવડાવશે. કાર્યક્રમનાં સુવ્યવસ્થિત અમલ માટે તાઃ ૧૮/૧૨/૨૦૦૮ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતી ખંડ ખાતે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળાના અધ્યક્ષ સ્થાને સ્ટીયરીંગ કમિટિની મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેશાઈ,શાસક પક્ષના નેતા ડો.જગદીશભાઈ પટેલ,વિરોધ પક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડિયા આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રી જયપ્રકાશ શાહ,રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ શિવશકિતવાળા,ડે.કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઈ, સ્મીમેરના ડીન ડો.કલ્પનાબેન દેશાઈ,વિભાગીય નાયબ નિયામક ડો.પંચાલ,વરાછા ઝોનના ઝોનલ ચીફશ્રી જે.કે.શાહ,ગર્વમેન્ટ મેડીકલ કોલેજ તથા સ્મીમેરના (પી.એસ.એમ વિભાગ) એસો.પ્રોફેસર,મેડીકલ ઓફીસર, વર્ગ–૧ (કુ.ક.),ન.પ્રા.શિ.સમિતિ સુરતના ઉપ શાશનાધિકારી શ્રી શંકરભાઈ પટેલ,કાર્યપાલક ઈજનેરશ્રી (લિંબાયત ઝોન) તમામ ઝોનના નાયબ/આસી.આરોગ્ય અધિકારી,સી.ડી.પી.ઓ.(ઘટક–૧,૨,૩) એસ.ટી.ડેપો ના ડીવીઝનલ મેનેજર, સુમુલ ડેરી તથા બી. એસ. એન. એલ ના પ્રતિનિધિ તથા અન્ય અધિકારી કર્મચારીઓ હાજર રહયા હતા.

પ્રારંભે ડે.કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલે આમંત્રિતોનું સ્વાગત કર્યુ હતુ. આવકાર પ્રવચનમાં કાર્યક્રમ અંગે પ્રાથમિક માહિતી આપી હતી હતી.માહે ફેબ્રુઆરી–૧૯૯૯ પછી સુરત શહેરમાં પોલીયોનો એક પણ પોઝીટીવ કેસ થયો નથી.મહાનગરપાલિકા મારફતે કરવામાં આવતી કામગીરી,પલ્સ પોલિયો કાર્યક્રમના આયોજન બાબતે જાણકારી આપી હતી.

સુરત મહાનગરપાલિકા દ્વારા જરૂરી ૨૬૨૫ ઈમ્યુનાઈઝેશન ટીમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમનો પ્રચાર પ્રસાર વધુ થાય તે માટે વર્તમાન પત્રોમાં જાહેરાત,બીલ બોર્ડ,બેનર,પ્રચાર પત્રિકા,કઠપુતળીના કાર્યક્રમો, આકાશવાણી પર જાહેરાત,સિનેમા/સ્થાનિક ચેનલો મારફતે પ્રચાર,પ્રચાર વાહનો, રીક્ષા, ડોર ટુ ડોર ગાર્બેજના વાહનો તથા મહાનગરપાલિકાના સફાઈ કામદારો પોતાના વિસ્તારમાં પોલીયોની રસી પીવડાવવા બાબતે પ્રચાર કરશે. સુરત રેલ્વે સ્ટેશન ખાતે કાર્યક્રમના દિવસો દરમ્યાન દિવસ તથા રાત્રી દરમ્યાન તથા બસ ડેપો,સીટી બસ સ્ટેન્ડ ઉપર દિવસ દરમ્યાન રસીકરણ બુથ ની વ્યવસ્થા કરવામાં આવી છે.શોંપીંગ સેન્ટર, બગીચાઓ, ફુટપાથ, ટેમ્પરરી વસાહતો, માર્કેટ વિગેરે સ્થળો એ મોબાઈલ ટીમ મારફતે કામગીરી કરાવવામાં આવશે.બુથ ડે ના દિવસે વધુ કવરેજ થાય તે માટે જે તે વિસ્તારના મ્યુ.સદસ્યશ્રીઓ,કાર્યક્રરો,એન.જી.ઓ.ને પોતાના વિસ્તારમાં સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપે તેવો અનુરોધ કર્યો હતો.

વિભાગીય નાયબ નિયામક ડો.પંચાલે સુરત મહાનગરપાલિકાની કામગીરીની પ્રશંસા કરી કામગીરી આગામી કાર્યક્રમ દરમ્યાન ટકાવી રાખવા ભાગ લેનાર તમામને પુરા ખંતથી તથા નિષ્ઠાથી કામ કરવા સુચન કર્યુ હતુ.

સુમલ ડેરીના આસી.મેનેજરે કાર્યક્રમનો પ્રચાર થાય તે માટે સુમલ ડેરીના (દૂધના) તમામ વાહનો પર બેનર બાંધી તથા પ્રચાર પત્રિકાનું વિતરણ કરી સહકાર આપશે તેવું જણાવ્યું હતું.બી.એસ.એન.એલ.ના પ્રતિનિધિએ કાર્યક્રમના પ્રચાર માટે તેઓના વિભાગ મારફતે સહકાર આપવા જણાવ્યું હતું.

ગર્વમેન્ટ મેડીકલ કોલેજ(પી.એસ.એમ વિભાગ) એસો.પ્રોફેસર ડો.બોધારાએ જણાવ્યું હતું કે ફર્સ્ટ એમ.બી.બી.એસ.મેડીકલ સ્ટુડન્ટની આ દિવસો દરમ્યાન પરીક્ષા હોવા છતા આ કાર્યક્રમની ગંભીરતા સમજી તેઓ કાર્યક્રમમાં સામેલ થયેલ છે.સ્મીમેરના ડીન ડો.કલ્પનાબેન દેશાઈ તરફથી આ કાર્યક્રમ માટે મેડીકલ સ્ટુડન્ટ તથા ઈન્ટરની ડોકટર ફાળવી જરૂરી તમામ સહકાર આપવા જણાવવામાં આવ્યું હતું.

શાશકપક્ષના નેતા ડો.જગદીશભાઈ પટેલે સુરત મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી હતી. કાર્યક્રમના પ્રચાર માટે સીટી બસ સેવા તથા કાર્યક્રમમાં શહેરની તબીબી સંસ્થાના સ્ટાફને સામેલ કરી તેઓનો સહકાર લેવા જણાવ્યું હતું.

મેયરશ્રીરણજીતભાઈ ગીલીટવાળાએ પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી ત્યારથી અત્યાર સુધીના બધા કાર્યક્રમ સુરત મહાનગરપાલિકા દ્વારા સફળતાપૂર્વક પાર પાડવા બદલ સુરત મહાનગરપાલિકાના તમામ અધિકારી/કર્મચારીઓ તથા સદસ્યશ્રીઓ,એન.જી.ઓ.,કાર્યકરોનો આભાર વ્યકત કર્યો હતો તથા આગામી કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા શુભેચ્છા વ્યકત કરી હતી.

TOP

## "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે"

સુરત મહાનગરપાલિકા તા:૨૧/૧૨/૨૦૦૮ થી તા:૨૪/૧૨/૨૦૦૮ દરમ્યાન ૫ વર્ષ સુધીના છ લાખ ત્રીસ હજારથી વધુ બાળકોને પોલીયોની રસી પીવડાવશે.

નાના બાળકોમાં થતી અને તેમને અપંગ બનાવતી બાળલકવા જેવી બિમારીને નાબુદ કરવા માટે ભારત સરકાર દ્વારા સને ૧૯૯૫–૧૯૯૬ ના વર્ષ થી બાળલકવા નાબુદી અભિયાન (આઈ.પી.પી.આઈ.)કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો ત્યારથી  આ કાર્યક્રમ હેઠળ ૫ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને પોલીયોની રસી દર વર્ષ નકકી કરેલા ચોકકસ દિવસો દરમ્યાન પીવડાવવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં બાળલકવાનો છેલ્લો પોઝીટીવ કેસ માહે, ફેબ્રુઆરી–૧૯૯૯માં નોંધાયો હતો, ત્યારબાદ આજ સુધી બાળલકવાનો એક પણ પોઝીટીવ કેસ જણાયો નથી.

સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં ૨૮ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટરો(શહેરી આરોગ્ય કેન્દ્રો)પર આ માટે ૨૬૨૫ રસીકરણ કેન્દ્રો (બુથ) નકકી કરવામાં આવ્યા છે. કાર્યક્રમના પ્રથમ દિવસે રસીકરણ કેન્દ્ર પર તથા બીજા,ત્રીજા અને ચોથા દિવસે(સેન્ટ્રલ ઝોન સિવાય)આરોગ્ય કાર્યકરો ઘરે ઘરે ફરીને પાંચ વર્ષ સુધીની ઉમરના બાળકોને પોલીયોની રસી પીવડાવશે.સમગ્ર કાર્યક્રમમાં ૮ ઝોનલ કો–ઓર્ડીનેટર,૩૨ કો–ઓર્ડીનેટર,૪૯૩ સુપરવાઈઝરો,૨૬૨૫ પેરામેડીકલ વર્કરો તથા ૭૮૭૫  સહાયક કર્મચારીઓ મળી કુલ–૧૧,૦૩૩ થી વધુ કર્મચારીઓ ભાગ લેશે. કાર્યકમમાં સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ ઉપરાંત સ્મીમેર મેડીકલ કોલેજ,ગવર્નમેંટ મેડીકલ કોલેજ,ફીઝીયોથેરાપી કોલેજ, હોમીયોપેથી,આયુર્વેદીક કોલેજના તબીબી સ્ટુડન્ટસ,ગવર્નમેંટ મેડીકલ કોલેજ,મિશન હોસ્પિટલ ,જયદિપ શારદા મેમોરીયલ નર્સીગ એકેડેમી,અશકતાશ્રમ હોસ્પિટલનાં નર્સીગ સ્ટુડન્ટસ, સુરત જનરલ હોસ્પીટલના નર્સ બહેનો, પી.એસ.એચ., આઈ.સી.ડી.એસ., યુ.સી.ડી.એસ.ટી.ડી.કેરના કાર્યકરો,નિરવ મહીલા મંડળના બહેનો,નવ સર્જન ટ્રસ્ટ,સેનેટરી ઈન્સ્પેકટર કોલેજના સ્ટુડન્ટસ તથા અન્ય સેવાભાવી સંસ્થાઓના સ્વયં–સેવકો કાર્યક્રમમાં સહભાગી થશે.

સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, માજી.મ્યુ.સદસ્યશ્રીઓ, સ્થાનિક કાર્યકરો, વર્તમાન પત્રના તંત્રીશ્રીઓ,સ્થાનિક ચેનલો,સીનેમા ગૃહો તથા સેવાભાવી સંસ્થાઓને આ કાર્યક્રમમાં સહભાગી થઈ અગાઉની જેમ સહકાર આપી આ રાષ્ટ્રિય કાર્યક્રમ ને સફળ બનાવવા માટે વિનંતી કરવામાં આવે છે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડેપ્યુટી કમિશ્નરશ્રી.(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી શ્રી. ડો.હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું છે.

નોંધઃ–નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના ૫ વર્ષ સુધીના તમામ બાળકોને તા:૨૧/૧૨/૨૦૦૮ ના રોજ આપના રહેઠાણ નજીકના રસીકરણ કેન્દ્ર પર પોલીયોની રસી અવશ્ય પીવડાવો. બાળકને સામાન્ય તાવ,શરદી કે ઝાડા જેવી બિમારી હોય તો પણ.

**TOP**

## "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે"
## સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યક્રમના પ્રથમ દિવસે ૫ વર્ષ સુધીના ૪,૨૬,૨૮૬ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી



બાળલકવા નાબુદી અભિયાનના આજના પ્રથમ દિવસે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ ર૩પ૩ રસીકરણ બુથ તથા મોબાઈલ/ટ્રાન્ઝીટ ટીમ મળી કુલ–ર૬રપ ટીમો મારફતે પાંચ વર્ષ સુધીની ઉંમરના બાળકોને પોલીયોની રસી પીવડાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સેન્ટ્રલ ઝોનમાં ડી.કે.એમ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે માનનીય મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળાના શુભ હસ્તે બાળકોને પોલીયોની રસી પીવડાવી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે શાસક પક્ષના નેતા ડો.જગદીશ પટેલ,આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રી જયપ્રકાશ શાહ,રૂગ્ણાલયો,વૈદકીયરાહત અને તંદુરસ્તી સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષ શિવશકિતવાળા,કાયદા સમિતિના અધ્યક્ષ શ્રી શશીકાંત દાળીયા, મ્યુ. સભ્ય શ્રી જશવંત ગાયકવાડ,મ્યુનિ.કમિશનર કુ.એસ.અપર્ણા,ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો.આઈ.સી.પટેલ,આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઈ, સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ શ્રી કેતન પટેલ, ઝોનલ ઓફી સર શ્રી જતીન શાહ,નાયબ આરોગ્ય અધિકારી ડો.પી.એચ.ઉમરીગર,ડી.કે.એમ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરો તથા અન્ય અધિકારી કર્મચારી હાજર રહયા હતા.

મ્યુનિ.કમિશનરશ્રીએ આમંત્રિતોનું સ્વાગત કરી આવકાર પ્રવચનમાં કાર્યક્રમ અંગે પ્રાથમિક માહિતી આપી હતી.આ કાર્યક્રમ માટે સુરત મહાનગરપાલિકા દ્વારા ર૬રપ ઈમ્યુનાઈઝેશન ટીમોનું આયોજન કરવામાં આવ્યું છે.કાર્યક્રમ દરમ્યાન આરોગ્ય કાર્યકરો પ્રથમ દિવસે રસીકરણ બુથ ઉપર તથા બીજા,ત્રીજા અને ચોથા દિવસ ઘરે–ઘરે ફરી અંદાજિત ૬,૩૦,૮૦૦ જેટલા બાળકોને પોલિયોની રસી પીવડાવશે.નિરોગી બાળ વર્ષને અનુલક્ષીને બાળકોના આરોગ્યને અનુરૂપ મહાનગરપાલિકા તરફથી વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમો સફળતા પૂર્વક પાર પાડવામાં આવે છે.ફેબ્રુઆરી– ૧૯૯૯ પછી સુરત શહેરમાં પોલિયોનો એક પણ કેસ થયો નથી જે એક અનોખી સિધ્ધી છે. સમગ્ર ભારતમાંથી બાળલકવાના કેસો સંપૂર્ણ નાબૂદ ન થાય ત્યાં સુધી આ કામગીરી ચાલુ રાખવાની છે.બાળકોના માતા,પિતા તથા વાલીઓને પોલિયો બુથ પર લઈ જઈને તમામ બાળકોને રસી પીવડાવવા સુચન કર્યુ હતું.જે તે વિસ્તારના મ્યુ.સદસ્યશ્રીઓ,કાર્યકરો, સ્વૈચ્છિક સંસ્થાનોને પોતાના વિસ્તારમાં કાર્યક્રમને સફળ બનાવવા સંપૂર્ણ યોગદાન આપવા જણાવ્યું હતું.

આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી જયપ્રકાશ શાહ તથા રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રી પિયુષ શિવશકિતવાળાએ પ્રાસંગિક પ્રવચનમાં મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી પોલિયો કાર્યક્રમ દરમ્યાન ભાગ લેનાર તમામને પુરા ખંતથી તથા નિષ્ઠાથી કામ કરવા સુચન કર્યુ હતું.

**Continue ...**

શાસક પક્ષના નેતા ડો.જગદીશ પટેલે જણાવ્યું હતું કે દરેક વ્યકિતના જીવનમાં સૌથી કિમતી ચીજ જો કંઈ હોય તો તે બાળકનું સ્વાસ્થ્ય છે.આવનાર પેઢીના બાળકો તંદુરસ્ત–નિરોગી બની રહે તે માટે જાગૃત મા–બાપ તરીકે ૫ વર્ષ સુધીના બાળકોને પોલિયોની રસી અવશ્ય પીવડાવીએ.બાળકના આરોગ્યના સુરક્ષા કવચ તરીકે બાળકોને પોલિયોની રસી પીવડાવવી જરૂરી છે. સુરત મહાનગરપાલિકા આ માટે પ્રયત્નશીલ છે.જે બાળકના માતા –પિતા કે વાલીઓએ પોતાના બાળકને બુથ પર લઈ જઈ પોલિયોની રસી પીવડાવી છે તેમણે પોતાની આસપાસ રહેતા નાના બાળકો પોલિયોની રસીથી વંચિત ન રહે તે માટે તેઓના મા–બાપ/વાલીઓને જાણ કરી બુથ પર લઈ જવા અનુરોધ કર્યો હતો.

મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળાએ પલ્સપોલિયો ઈમ્યુનાઈઝેશનના બધા કાર્યક્રમો સફળતાપૂર્વક પાર પાડવા બદલ સુરત મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓને અભિનંદન આપ્યા હતા.બાળકોના માતા–પિતા/વાલીઓ પોતાના બાળકોને બાળલકવાથી બચાવવા પોલિયોની રસી પીવડાવવા આવ્યા હતા તેઓને અભિનંદન આપ્યા હતા મહાનગરપાલિકાના ચૂંટાયેલા પદાધિકારીશ્રીઓ હંમેશા આરોગ્યલક્ષી કાર્યક્રમને અગ્રીમતા આપે છે અને સ્વચ્છ સુરતની સાથે સ્વસ્થ સુરત પણ બને તે માટે હંમેશા પ્રયત્નશીલ રહે છે.કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા શુભેચ્છા વ્યકત કરી હતી.

આ ઉપરાંત શહેરના બાકીના તમામ ઝોનમાં જુદા જુદા શહેરી આરોગ્ય કેન્દ્રો મારફતે બાળકોને પોલીયોની રસી પીવડાવવાની કામગીરી આજ રોજ હાથ ધરવામાં આવી હતી.

"નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" નિમીત્તે યોજવામાં આવેલ સઘન બાળલકવા નાબુદી અભિયાનના આજના પ્રથમ દિવસે પાંચ વર્ષ સુધીના ૪,૨૬,૨૮૬ બાળકોને પોલિયો નાં ડોઝ પીવડાવવામાં આવ્યા હતા. પાંચ વર્ષ સુધીના બાળકોની અંદાજીત સંખ્યા ૬,૩૦,૮૦૦ છે. આમ કુલ ૬૭.૫૮% કામગીરી પ્રથમ દિવસના અંતે કરવામાં આવી હતી.

આ કામગીરી માટે ૨૮ શહેરી આરોગ્ય કેન્દ્રો ને ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર તરીકે નિયત કરવામાં આવ્યા હતા. જેમાં ૬૦ મેડીકલ ઓફીસરો, ૪૯૩ સુપરવાઇઝરો ૨૬૨૫ પેરામેડીકલ વર્કરો તથા ૭૮૦૦ થી વધુ સહાયક કર્મચારીઓ ભાગ લીધો હતો. સુરત મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગના કર્મચારીઓ ઉપરાંત સ્મીમેર તથા ગર્વમેન્ટ મેડીકલ કોલેજના મેડીકલ સ્ટુડન્ટ,ગર્વમેન્ટ મેડીકલ કોલેજ,અશકતાશ્રમ હોસ્પિટલ તથા મિશન હોસ્પિટલના નર્સીંગ સ્ટુડન્ટ,નીરવ મહિલા મંડળની બહેનો, એસ.આઈ.કોલેજના સ્ટુડન્ટ શહેરના વિવિધ મેડીકલ એસો. તથા અન્ય સેવાભાવી સંસ્થાના સહયોગીઓએ ભાગ લઈ પોલિયો કાર્યક્રમમાં સહભાગી થયા હતા. સુરત/ઉધના રેલ્વે સ્ટેશન, એસ.ટી.ડેપો, નેચર પાર્ક, શોપીંગ મોલ ખાતે બુથની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત મોબાઈલ ટીમ દ્વારા સુરત શહેર પ્રવેશ પાસેનો વિસ્તાર,રોજમદાર મજૂરોની કામચલાઉ વસાહતો, ઘર વિહોણા ફુટપાથ વાસીઓ વગેરેને પણ આવરી લેવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડેપ્યુટી કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ** નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે પોલિયોની રસીથી વંચિત રહી ગયા હોય તેવા બાળકોને તાઃ૨૨(સોમવાર),તાઃ૨૩(મંગળવાર) તથા તાઃ૨૪(બુધવાર)ના રોજ મહાનગરપાલિકાના આરોગ્ય કાર્યકરો જયારે તમારા વિસ્તારમાં આવે ત્યારે પોલિયોનાં ડોઝ પીવડાવી બાળકને સંપૂર્ણ રક્ષિત કરશો અને બાળ લાકવા નાબુદી ઝુંબેશમાં સહભાગી બનશો..

**TOP**